Vol. 6, Issue: 4, April: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

# મહેસાણા તાલુકાના પ્રાથમિકશાળાના શિક્ષકોની અને વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય એકતા અને સામાજિક એકતા પ્રત્યેના વલણો એક અભ્યાસ

ડૉ. કેતન કે. મહેતા
પ્રિન્સીપાલ, કોલેજ ઓફ એજ્યુકેશન, વડસ્મા

## ૧. સંશોધનના પ્રશ્નો

1. પ્રાથમિક શાળાના શિક્ષકોમાં રાષ્ટ્રીય એકતા અને સામાજિક એકતાની ભાવના છે કે કેમ?
2. શિક્ષકો બાળકોને રાષ્ટ્રીય વિજ્ઞાન વિચાર ગોષ્ઠિ, વિજ્ઞાન પરિષદ, વિજ્ઞાન પ્રદર્શન તેમજ વિજ્ઞાનને લગતા કાર્યક્રમો યોજે છે કે કેમ?
3. શિક્ષકો સ્કૂલમાં રાષ્ટ્રીય તથા સામાજિક તહેવારની ઉજવણી વકતૃત્વ સ્પર્ધા, ગીત સ્પર્ધા, રાષ્ટ્રીય નેતાઓનો એક રાષ્ટ્રીય પ્રસંગો વગેરે કાર્યક્રમો કરાવે છે કે કેમ?
4. શિક્ષકો શાળામાં દરેક વિધાર્થીઓ પ્રત્યે ભેદભાવ રાગદ્વેષ કે પૂર્વગ્રહ રાખે છે કે કેમ?
5. પ્રા.શાળામાં રાષ્ટ્રીય સ6સ્થઓ જેવી કે રાષ્ટ્રીય મ્યુઝિયમ, નેશનલ આર્ટ ગેલેરી, રાષ્ટ્રીય વિજ્ઞાન સંસ્થા, આકાશવાણી ભવન, વગેરેની વિધાર્થીઓને મુલાકાતે લઈ જાય છે કે કેમ?
6. પ્રાર્થનાના અંતે તેમજ શાળા છૂટતાં પહેલાના સમયે જનગણમન અધિનાયક, વંદે માતરમ જેવા રાષ્ટ્રીય ગીતોનું સન્માનપૂર્વક ગાન કરાવે છે કેમ?

## ૨. સંશોધનનું મહત્વ

ગુણવતાયુકત શિક્ષણ D.P.E.P જેવા કાર્યક્રમોમાં કરોડો રૂપિયા શિક્ષણ પાછળ ખર્ચાય છે. ત્યારે આ કાર્યક્રમોને અમલમાં મૂકનાર તેને સફળ કે નિષ્ફળ બનાવનાર જેને બાળક વિધાર્થી સાથે સીધો સંબંધ છે. દરરોજનો નાતો છે. તેવો પ્રાથમિક તેમની રાષ્ટ્રીય એકતા તથા સામાજિક એકતા અંગેનો શો અભિપ્રાય છે. અને તેને પોતાના વિદ્યાર્થીના રાષ્ટ્રીય એકતા અને સામાજિક એકતાની ભાવના કેવી રીતે જગૃત કરી શકે તથા તેને માટે કેવા પ્રયત્નો કરી શકે તે વિચારણા માંગી લે છે. રાષ્ટ્રીય એકતા સામે નિરક્ષરતા સૌથી મોટો પડકાર છે. ભારત જેવા વિશાળ રાષ્ટ્રમાં નિરક્ષરતાનું પ્રમાણ વધુ છે. આથી,શિક્ષણના અભાવે જાગૃતિ કેળવાતી નથી. રાષ્ટ્રીય એકતા માટે શિક્ષણ ધ્વારા પેદા થતી સમજ અને તેમાંથી જન્મતું ડહાપણ અનિવાર્ય છે.

⇨ભારતીય સંસ્કૃતિના સમૃધ્ધ વારસાનું જતન કરવા માટે રાષ્ટ્રીય એકતાના અભ્યાસની જરૂરિયાત
⇨દેશની સર્વભોમ અખંડિતતા અને પ્રજાસત્તાકને જાળવી રાખવા.
⇨રાષ્ટ્રમાં સંપ, સહકાર, સહિષ્ણુતા, સહાનુભૂતિ, આદર- સત્કાર સન્માનથી લાગણીનું શિક્ષણ અનિવાર્ય છે.

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસમાં નીચેના હેતુઓને ધ્યાનમાં રાખી હાથ ધરવામાં આવે છે.

1. મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય તથા સામાજિક એકતા અંગેના વલણો તપાસવા.

2. મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની સામાજિક એકતા અંગેના વલણનું સર્વેક્ષણ કરવા વલણ માપદંડની રચના કરવી.
3. મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય તથા સામાજિક એકતાના વલણો પર જાતિ સંદર્ભે અસર તપાસવી.
4. મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોના રાષ્ટ્રીય તથા સામાજિક એકતા અંગેના વલણો વચ્ચેનો સંબંધ તપાસવો.
5. મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો રાષ્ટ્રીય તથા સામાજિક એકતા અંગેના વલણો વચ્ચેના સંબધો તપાસવા.

## ૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત સંશોધનકાર્ય માટે શૂન્ય ઉત્કલ્પનાની રચના કરી છે.

$Ho_1$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની રાષ્ટ્રીય એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહિ હોય.

$Ho_2$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની સામાજિક એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહિ હોય.

.$Ho_3$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકોએ રાષ્ટ્રીય એકતા અને સામાજિક માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_4$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોએ “રાષ્ટ્રીય એકતા અને સામાજિક માપદંડમાં” મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_5$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહિ હોય.

$Ho_6$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહિ હોય.

$Ho_7$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય એકતાઅને સામાજિક માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોય.

$Ho_8$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીનીઓએ રાષ્ટ્રીય એકતા અને સામાજિક માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહિ હોય.

## ૫. અભ્યાસના ચલો

સ્વતંત્ર ચલ : પ્રાથમિક શાળા અને રાષ્ટ્રીય અને સામાજિક એકતા માપદંડ
પરતંત્ર ચલ : શિક્ષકો અને વિદ્યાર્થીઓ

## ૬. સંશોધન પ્રયુક્તિ અને ઉપકરણ :

મહેસાણા તાલુકાના પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓનો ઉપકરણ માટે વલણ માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે.

-શિક્ષકો માટેની પ્રશ્નાવલી, અભિપ્રાયવલી, મુલાકાત વગેરે

સંશોધકે માહિતી પ્રાપ્ત માટે ઉપકરણ તરીકે વિવિધ શાળામાંથી વિવિધ માહિતી એકત્રીત કરવા માટે પ્રશ્નાવલીની રચના કરવામાં આવશે. અધ્યાપકોના મંતવ્ય અને અભિપ્રાય અનુસાર પ્રશ્નાવલીની પુનઃરચના કરવામાં આવી છે.

### ૭. વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

પ્રસ્તુત અભ્યાસના વ્યાપવિશ્વમાં મહેસાણા તાલુકાની 5 પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. નમૂના પસંદગી તરીકે 5 શાળામાંથી 5 શિક્ષકો અને 25 વિદ્યાર્થીઓ લેવામાં આવશે.

| ક્રમ | શાળાનું નામ | શિક્ષકો | | વિદ્યાર્થીઓ | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | |
| 1 | વડસ્મા કન્યા શાળા | 2 | 3 | 12 | 13 | 30 |
| 2 | લાંઘણજ કુમાર શાળા | 2 | 3 | 12 | 13 | 30 |
| 3 | વડસ્મા કુમાર શાળા | 3 | 2 | 12 | 13 | 30 |
| 4 | લાંઘણજ કન્યા શાળા | 2 | 3 | 12 | 13 | 30 |
| 5 | પ્રાથમિક શાળા આંબલીયાસણ (પગારકેન્દ્ર) | 2 | 3 | 12 | 13 | 30 |
| 6 | કુલ | 11 | 14 | 60 | 65 | 150 |

### ૮. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે વલણ – માપદંડ દ્વારા માહિતી એકત્ર કરી હતી. નિદર્શ પસંદગીના 25 શિક્ષકો અને 125 વિદ્યાર્થીઓ પાસે વલણ માપદંડ રૂબરૂ ભરાવી વલણ માપદંડની સમજૂતી આપી. ઉપરાંત જાતે માહિતી મેળવવા પ્રયત્ન કર્યો. પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી. તેમના રાષ્ટ્રીય તથા સામાજિક એકતા અંગેના વલણો જાણવાનો પ્રયત્ન કર્યો. તેમજ અવલોકન દ્વારા પણ માહિતી એકત્ર કરવામાં આવી.

### ૯. માહિતીનું પૃથક્કરણ

વલણ માપદંડ દ્વારા મળેલી માહિતીને જુદા-જુદા કોઠાઓ સારણીઓમાં દર્શાવવામાં આવી હતી. અને તેનું પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. માહિતીને રાષ્ટ્રીય અને સામાજિક એકતા અંગેના વલણોને અલગ-અલગ તારવીને તેને સંખ્યાત્મક સારણીઓમાં યોગ્ય રીતે મૂકી તેનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### ૧૦. શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી અને અર્થઘટન

**$Ho_1$**મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની રાષ્ટ્રીય એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહિ હોય.

| અંકશાસ્ત્રીય મૂલ્ય | સ્ત્રી | પુરુષ |
|---|---|---|
| N | 11 | 14 |
| Mean | 106.18 | 105.5 |
| SD | 4.92 | 4.27 |
| $SD_2$ | 14.163 | 18.27 |
| M.DIFF | 0.68 | |
| SED | 1.87 | |
| t.Value | 0.364 | |

સારણીમાં કુલ સ્ત્રી શિક્ષકો અને કુલ પુરુષ શિક્ષકોનો રાષ્ટ્રીય એકતાનો મધ્યક ક્રમશ 106.18> 105.5 તથા પ્રમાણ વિચલન 4.92>4.27 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદશિલ કરે છે કે કુલ સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની તુલનામાં સ્ત્રી શિક્ષકોમાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 0.36 પ્રાપ્ત થયેલ છે. જે 0.01 કક્ષાન tમૂલ્ય 2.58 કરતા ઓછું છે. તેથી સાર્થક તફાવત જોવા મળતો નથી. અહીં શૂન્ય ઉત્કલ્પના "સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોમાં રાષ્ટ્રીય એકતાની કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય." નો સ્વિકાર થાય છે.

$Ho_2$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોનો સામાજિકએકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકો ની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભ કોઈ તફાવત નહિ હોય.

| **અંકશાસ્ત્રીય મૂલ્ય** | **સ્ત્રી** | **પુરુષ** |
|---|---|---|
| N | 11 | 14 |
| Mean | 96.90 | 100.36 |
| SD | 2.73 | 7.57 |
| $SD_2$ | 57.29 | 74.7 |
| M.DIFF | 3.45 | |
| SED | 2.40 | |
| t.Value | 1.44 | |

સારણી માં કુલ સ્ત્રી શિક્ષકો અને કુલ પુરુષ શિક્ષકોનો સામાજિક એકતાનો મધ્યક ક્રમશ: 96.90< 100.36 તથા પ્રમાણ વિચલન 2.73<7.57 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદર્શિત કરે છે કે પુરુષ શિક્ષકોમાં સામાજિક એકતાનું મૂલ્ય વધારે જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 1.44 પ્રાપ્ત થયેલ છે. જે 0.01 કક્ષાના t મૂલ્ય 2.58 કરતાં ઓછું તેથી સાર્થક તફાવાત જોવા મળતો નથી. અહીં શૂન્ય ઉત્કલ્પનાનો સ્વિકાર થાય છે.

$HO_3$ મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના પુરુષ શિક્ષકોએ "રાષ્ટ્રીય એકતા અને સામાજિક એકતાદ માપદંડ" માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

| **અંકશાસ્ત્રીય મૂલ્ય** | **રાષ્ટ્રીય** | **સામાજિક** |
|---|---|---|
| N | 14 | 14 |
| Mean | 105.5 | 100.36 |
| SD | 4.27 | 2.73 |
| $SD_2$ | 18.27 | 7.78 |
| M.DIFF | 5.14 | |
| SED | 1.36 | |
| t.Value | 3.79 | |

સારણી માં કુલ પુરુષ શિક્ષકોની રાષ્ટ્રીય એકતા માપદંડ અને સામાજિક એકતા માપદંડનો મધ્યક ક્રમશ: 105.5> 100.36 અને પ્રમાણ વિચલન 4.27>2.73 પ્રાપ્ત થયેલા છે. જે પુરુષ શિક્ષકોમાં સામાજિક એકતા માપદંડ કરતાં રાષ્ટ્રીય એકતા માપદંડનું પ્રમાણ વધુ જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 3.79 પ્રાપ્ત

થયેલ છે. જે 0.01 કક્ષાના tમૂલ્ય 2.58 કરતાં વધુ તેની સાર્થક તફાવત છે. અને શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વિકાર થાય છે.

**HO4** મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના સ્ત્રી શિક્ષકોએ "રાષ્ટ્રીય એકત્તા માપદંડ તથા સામાજિક એકત્તા માપદંડ" માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

| અંકશાસ્ત્રીય મૂલ્ય | રાષ્ટ્રીય | સામાજિક |
|---|---|---|
| N | 11 | 11 |
| Mean | 106.18 | 96.90 |
| SD | 4.92 | 7.57 |
| $SD_2$ | 24.16 | 57.29 |
| M.DIFF | 9.27 | |
| SED | 2.72 | |
| t.Value | 3.40 | |

સારણી માં કુલ સ્ત્રી શિક્ષકોની રાષ્ટ્રીય સામાજિક એકતા માપદંડમાં મધ્યક ક્રમશ: 106.18 > 96.90 તથા પ્રમાણ વિચલન 4.92 >7.57 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદશિત કરે છે. કે સ્ત્રી શિક્ષકોમાં સામાજિક એકત્તા કરતાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 3.40 પ્રાપ્ત થયેલ છે જે 0.01 કક્ષાના tમૂલ્ય 2.58 કરતાં વધુ છે. તેથી સાર્થક તફાવત છે. અને શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**HO5**મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહીં હોય.

| આંકડાશાસ્ત્રીય મૂલ્ય | વિદ્યાર્થીનીઓ | વિદ્યાર્થીઓ |
|---|---|---|
| N | 60 | 65 |
| Mean | 98.48 | 100.66 |
| SD | 6.20 | 5.45 |
| $SD_2$ | 38.45 | 29.70 |
| M. Diff | 2.18 | |
| SED | 1.04 | |
| T-value | 2.078 | |

સારણીમાં કુલ વિદ્યાર્થીનીઓ અને કુલ વિદ્યાર્થીઓનો રાષ્ટ્રીય એકતાનો મધ્યક ક્રમશ: 98.48<100.66 તથા પ્રમાણ વિચલન 6.20>5.45 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદર્શિત કરે છે. કે કુલ વિદ્યાર્થીનીઓ અને કુલ વિદ્યાર્થીઓમાં તુલનામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 2.078 પ્રાપ્ત થયેલ છે. જે 0.01 કક્ષાના t મૂલ્ય 2.58 કરતાં ઓછું છે. તેથી સાર્થક તફાવત જોવા મળતો નથી. અહી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર થાય છે.

**HO6**મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સામાજીક એકતા માપદંડમાં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહીં હોય.

| આંકડાશાસ્ત્રીય મૂલ્ય | વિદ્યાર્થીનીઓ | વિદ્યાર્થીઓ |
|---|---|---|
| N | 60 | 65 |
| Mean | 95.22 | 93.09 |
| SD | 5.62 | 4.36 |
| $SD_2$ | 31.56 | 18.99 |
| M. Diff | 2.12 | |
| SED | 0.90 | |
| T-value | 2.35 | |

સારણીમાં કુલ વિદ્યાર્થીનીઓ અને કુલ વિદ્યાર્થીઓનો રાષ્ટ્રીય એકતાનો મધ્યક ક્રમશ: 95.22<93.09 તથા પ્રમાણ વિચલન 5.62>4.36 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદર્શિત કરે છે. કે કુલ વિદ્યાર્થીનીઓ અને કુલવિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીનીઓમાં સામાજિક એકતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 2.35 પ્રાપ્ત થયેલ છે. જે 0.01 કક્ષાના t મૂલ્ય 2.58 કરતાં ઓછું છે. તેથી સાર્થક તફાવત જોવા મળતો નથી. અહી શૂન્ય ઉત્કલ્પના “વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓની કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય” નો સ્વીકાર થાય છે.

**$HO_7$**મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની “રાષ્ટ્રીય એકતા માપદંડ તથા સામાજીક એકતા માપદંડ”માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે જાતિના સંદર્ભે સાર્થક તફાવત નહીં હોય.

| આંકડાશાસ્ત્રીય મૂલ્ય | રાષ્ટ્રીય | સામાજિક |
|---|---|---|
| N | 65 | 65 |
| Mean | 100.66 | 93.09 |
| SD | 5.45 | 4.36 |
| $SD_2$ | 29.70 | 18.99 |
| M. Diff | 7.57 | |
| SED | 0.87 | |
| T-value | 8.75 | |

સારણીમાં કુલ વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય એકતા માપદંડ અને સામાજિક એકતા માપદંડનો મધ્યક ક્રમશ: 100.66<93.09 તથા પ્રમાણ વિચલન 5.45>4.36 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદર્શિત કરે છે.કે વિદ્યાર્થીઓમાં સામાજિક એકતા માપદંડ કરતાં રાષ્ટ્રીય એકતા માપદંડનું પ્રમાણ વધુ જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 8.75 પ્રાપ્ત થયેલ છે. જે 0.01 કક્ષાના t મૂલ્ય 2.58 કરતાં વધુ છે. તેથી સાર્થક તફાવત છે. અને શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થાય છે.

**$HO_8$**મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીનીઓએ “રાષ્ટ્રીય એકતા માપદંડ તથા સામાજીક એકતા માપદંડ”માં મેળવેલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

| આંકડાશાસ્ત્રીય મૂલ્ય | રાષ્ટ્રીય | સામાજિક |
|---|---|---|
| N | 60 | 60 |
| Mean | 98.48 | 95.21 |
| SD | 6.20 | 5.62 |

| | | |
|---|---|---|
| $SD_2$ | 38.46 | 31.56 |
| M. Diff | 3.27 | |
| SED | 1.08 | |
| T-value | 3.02 | |

સારણીમાં કુલ વિદ્યાર્થીનીઓની રાષ્ટ્રીય એકતા અને સામાજિક એકતા માપદંડમાં મધ્યક ક્રમશ: 98.48>95.21 અને પ્રમાણ વિચલન 6.20>5.62 પ્રાપ્ત થયેલ છે. જે પ્રદર્શિત કરે છે. કે વિદ્યાર્થીનીઓમાં સામાજિક એકતા કરતાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. સારણી અનુસાર t મૂલ્ય 3.02 પ્રાપ્ત થયેલ છે. જે 0.01 કક્ષાના t મૂલ્ય 2.58 કરતાં વધુ છે. તેથી સાર્થક તફાવત છે. અને શૂન્ય ઉત્કલ્પનાઓ અસ્વીકાર થાય છે.

## સંશોધનનાં તારણો

(1)મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની તુલનામાં સ્ત્રી શિક્ષકોમાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(2)મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની તુલનામાં પુરુષ શિક્ષકોમાં સામાજિક એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(3)મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં પુરુષ શિક્ષકોમાં સામાજિક એકતા માપદંડ અને રાષ્ટ્રીય એકતા માપદંડની તુલનામાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(4)મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં સ્ત્રી શિક્ષકોમાં સામાજિક એકતા માપદંડ અને રાષ્ટ્રીય એકતા માપદંડની તુલનામાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(5) મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(6) મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓની તુલનામાં વિદ્યાર્થીનીઓમાં સામાજિક એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(7) મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીનીઓમાં સામાજિક એકતા માપદંડ અને રાષ્ટ્રીય એકતા માપદંડની તુલનામાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.
(8)મહેસાણા તાલુકાની પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીનીઓમાં સામાજિક એકતા માપદંડ અને રાષ્ટ્રીય એકતા માપદંડની તુલનામાં રાષ્ટ્રીય એકતાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

## સંદર્ભ સૂચિ

1. આકુવાલા, સી.કે. "ભારતીય શિક્ષણના આધુનિક પ્રશ્નો અને પ્રવાહો"ત્રીજી આવૃત્તિ, અમદાવાદ, ભારત પ્રકાશન 1975.
2. ઉચાટ, ડી.એ. "સંશોધન પ્રારંભે"રાજકોટ અક્ષર મવન, પંચવટી સોસાયટી 1988.
   ઉચાટ ડી.એ અને સાથીઓ "સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? "પ્રથમ આવૃત્તિ રાજકોટ નિજ્જન સાઇકો સેન્ટર, 1988.
   દેસાઇ ધંનવંત એમ "તુલનાત્મક શિક્ષણ વ્યવસ્થા"(મદાવાદ યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ 1992)
3. દેસાઇ, હરિભાઇ જી અને દેસાઇ કે.જી "સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ"(પાંચમી આવૃત્તિ અમદાવાદ યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ 1992)